# ૭ કેસર કેરીનો રસપ્રદ ઈતિહાસ... જાણો સાલેભાઈ આંબડીને કેવી રીતે મળ્યું 'કેસર' નામ





## જૂનાગઢ રાજ્યના નવાબે તા.૨૫-મે ૧૯૩૪ના 'કેસર' નામ આપ્યું









## નવાબીકાળના ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ આયંગરે કેસર કેરીના ઈતિહાસની રસપ્રદ વિગતો આપી હતી

જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ રાજયના સર નવાબ બાબી મોહમ્મદ ખાનજીના રાજ્યના ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટના હોદ્દે શ્રી આયંગર રાજ્યના બાગાયત સંશોધન અને સુભોષિત હોદ્દે રહીને કેસર કેરીનો ઈતિહાસ રજૂ કર્યો હતો.

જૂનાગઢ રાજયના તાબે વંથલી મહાલના વંથલીની તળપદની વગેડીની સીમમાં ધૂનાકાંઠે દેશી આંબાની ચામસી અને રવાયુ બાગો આવેલ હતી. જેની બાજુમાં નવાબ સાહેબના વઝીર સાલેભાઈ ઈદીની નાની આંબાની બાગ આવેલી. આ બાગે સાલેભાઈ જતા ચામસી અને રવાયું બાગના દેશી કેસરિયા આંબામાં કેરીઓ ઉતરતી હતી. તે વખતે સાલેભાઈ ત્યાં ગયાં અને તે કેરીની પાકેલ શાખઓ ખાધી, તેનો સ્વાદ ખૂબ સારો લાગતા તેઓએ તેમાંથી કાચી કેરીઓ લઈ જઈ તે કેરીઓને પકવી તેમાંથી તેના મિત્ર માંગરોળના શેખ સાહેબને મોકલાવી. તે કેરીઓ શેખ ખાઈને ખુશ થયા. તે કેરીનું નામ સાલેભાઈની આંબડી નામ આપ્યું. અને સાલેભાઈને સાલે હિંદનો ઈકલાબ આપ્યો અને તે કેરીના ગોઠલા રહીજબાગમાં વાવવામાં આવ્યા હતા.

તે વાતની આયંગર સાહેબને જાણ થતા તેઓ માંગરોળ શેખ સાહેબને મળ્યાં. તેની પાસેથી જાણ મેળવી જૂનાગઢ શાલેભાઈને બોલાવી ચામસી તથા રવાયું બાગોની મુલાકાતે અમો ગયેલ. ત્યાં કેસરિયા આંબા જોયેલ અને બીજા વર્ષે મેં તે કેરીઓ ખાધી હતી. અને મને ખૂબ જ સારી લાગતા કેસરિયા આંબાના પાંચ જાડોમાં માંસડા ઊભા કરાવી તેના ઉપર ડબ્બા ગોઠવી ૯૦ આંબાની કલમો વળાવી તેમાંથી ૭૫ કલમો તૈયાર થયેલ. તે કલમો વંથલીના ખેડૂતો સારા બળદ ગાડાવાળાને મહાલકારી ઓફિસે બોલાવી ગાડામાં કલમો ભરી જૂનાગઢ ગિરનારની તળેટીમાં લાલ ઢોરી ખાતે કણબી કરસન કાના ભલાણી, કણબી માવજી જેઠા કલોલા, કણબી ધરમશી મનજી વામજી, કણબી બેસર ડોસા ત્રાંબડીયા તથા નાધોરી કાલુ રહેમજી ગબલ નામના પાંચ ખેડૂતો ઘોડેસવાર સિપાઈ સાથે લાવ્યા હતાં.

આ કલમોને જંગલ સાફ કરાવી વાવેતર કરાવેલ. જેમાં ત્રણ વર્ષે કેરી આવી તે કેરીઓને પકવી નવાબ સાહેબ પાસે લઈ જવામાં આવી. તે કેરી ખાઈને નવાબ સાહેબ ખુશ થયા અને તે કેરીનું નામ તા. ૨૫-મે ૧૯૩૪ના કેસર નામ નવાબ સાહેબે પાડ્યું હતું. મારી કદર કરીને મારા પગારમાં ત્રણ રૂપિયા વધારો કર્યો અને મને તથા મારા ઘરનાને એક-એક જોડી કપડા ઈનામમાં આપ્યાં અને પાંચ ગાડા ખેડૂતોને પાઘડી સાથે એક-એક જોડી કપડાનું કાપડ તથા દસ રૂપિયાના ઈનામ આપી કદર કરી હતી. અને બાગ ધણીની પણ લેખિત કદર કરી હતી.

ત્યાર બાદ આ કલમોમાં મને બે જુદી જાતની કેરીઓ માલુમ પડેલ. જેમાં ઉત્તમ જાતિની ડીંટા પાસે પહોળી નીચેનો ભાગ સાંકડો ડુંટા વગરનો લાલ ચાટ વાળી કાચી કેરી ઘેરા લીલા કલરની પાકતા પાતળી શાલ પીળા કલરની, ગરભ લાલ, મીઠો અને કેસર જેવી સુગંધ, ઝાડ નીચુ, પાન આછા લીલા કલરના ડાળીમાં પાનની સંખ્યા ૮ થી ૧૧ જોવા મળેલ અને તેનાથી ઉતરતી કક્ષાની કેરી મોટી ડુંટાવાળી, આછા લીલા કલરની એક સરખી, છાંટ વગરની, અંદર પીળી, રૂછાવાળી, મીઠી અને સુગંધ વગરની, ઝાડ ઉચુ, ગોટલા મોટા, ડાળીમાં પાનની સંખ્યા ૧૧ થી ૧૪, પાન મોટા ઘેરા કલરના.

આ બે જાત જોવા મળેલ ત્યાર પછી આ કેરીઓમાં વધુ અભ્યાસ માટે રાજ્યને ખર્ચે તા.૨મે-૧૯૩૬ ના હિન્દુસ્તાનના મૂલકોમાં આંબા તથા વિસ્તારોમાં હું દિવસ ૨૭ ગયેલ જેનો ખર્ચ રૂપિયા ૪૨૪ને આઠ આના આવેલ પણ કેસર જાતની કેરી જોવા મળેલ નહીં. બીજા વર્ષે રાજ્યના ખર્ચે સીલોન, બર્માને સુમાત્રા દિવસ ૩૨ હું ફરેલ તેનો ખર્ચ રૂપિયા ૫૧૭ને ચાર આના આવેલ પણ કેસર કેરી જેવી જાત જોવા મળેલ નહીં.

ત્રીજા વર્ષે રાજ્યના ખર્ચે તા.૫-મે ૧૯૩૮ના રોજ ગયેલ જેમાં ઈન્ડોનેશિયા, મલેશિયા, સિંગાપુર, હોંગકોંગ અને થોડો ચીનનો ભાગ દિવસ ૩૪ હું ફરેલ તેનો ખર્ચ રૂા.૫૩૪ આવેલ પણ કેસર કેરી જેવી જાત જોવા મળે નહીં.

ત્રણ વર્ષનો કેસર કરીનો અભ્યાસ પાછળ મારા પ્રવાસનો રાજ્યને રૂા.૧૪૭૫ને ૧૨ આના ખર્ચ આવેલ અને મને સંતોષ થયેલ કે હું જેટલો ફરેલ તેમાં જૂનાગઢ રાજ્યના અને વંથલીમાં જન્મેલ કેસર કેરી મારા મતે જૂનાગઢ અને વંથલીનું ગૌરવ અનુભવુ છું. છતાં પણ દરભંગામા કેસર કેરી જેવી જાત થોડી ઘણી મળતી એક જાત જોવા મળેલ તેને ખાતા ખટ્ટમીઠી, રૂષાવાળી, ગોઢલે મોટી, માવાનુ પ્રમાણ ઓછું.

આવી કેસર કેરીને મળતી આવતી જાત બર્માના બસીન ગામમાં જોયેલ અને ખાતા તેનો સ્વાદ એકદમ જુદો જ કપાસી વાળી, ગોટલો મોટો, રસ પીળો. ઈન્ડોનેશિયાના એકટાપુના ફુરી ગામની બજારમાં વેચાતી કેસર કેરી જેવી મીઠી, ગોઢલો નાનો, મીઠી પણ સુગંધ વગરની જોવા મળેલ. સિંધુના બંસી નંદ ગામમાં કેરી ખાધેલ જે નાની, મીઠી, સુંગધ વાળી અને ગોળ જોવા મળેલ. તે ઘણી જાત સારી લાગેલ તેના ગોઢલા જૂનાગઢના સક્કરબાગમાં વાવેલ મેં મોટામાં મોટા ૨.૫ શેરના અને નાનામાં નાની અંગુર જેવડી કેરીઓ જોયેલ, પણ ખુશી તો એવાતની થયેલ કે કલકત્તાની બજારમાં રોડની ફૂટપાથ ઉપર વેચાતા જુના પુસ્તકમાંથી એક પુસ્તક મેંગો ઈન્વર્ડ રૂા.૨ માં ખરીદેલ. જે પોર્ટુગીઝ સાહસિક જોર્ન રોબોર્ટ દુનિયાના દેશો ૧૯ વર્ષ કેરીના સંશોધન પાછળ ગાળેલ અને કેરીની ૧૮૯૭ જાતો જોયેલ. જેમાં વધુમાં વધુ જાતો ઈન્ડિયામાં જોયેલ ૧૨૦૯ જાતો કેરીની. જેમાં ઘણા રાજાઓ પોતાના બગીચામાં સારી જાતની કેરીના ઝાડના મૂળિયામાં મધ અને દૂધ રેડતા અને માનતા કે એનાથી કેરી મીઠી અને સ્વાદવાળી થાય.

મેંગો ઈન્વર્ડ પુસ્તક મેં રાજ્યની લાઈબ્રેરીમાં મુકેલ જેના લેખક ડેન રિચાર્ડ છે પુસ્તક ઘણું સારૂ વાંચવા જેવું છે.

નોંધ - આ કેસર કેરીની કલમો વંથલી, માંગરોળ, ચોરવાડ, તાલાળા, માળીયા, ઉના, વિસાવદર, પોરબંદર, માણાવદર, ધારી, કોડીનાર ખેડૂતોને અને ગિરાસદારો તેમજ નાના રજવાડામાં વાવવામાં આપેલ. જેની કિંમત ૦.૧૨ આના રાખેલી હતી. જેની સામે માંગરોળની રહિજબાગની કલમો પણ વેચાતી. જેની કિંમત રૂ.૧ હતી. જેમાં કેસર કેરીની બંને જાતો હતી ત્યારે લાલ ઢોરીની ઉત્તમ કેસર કેરીની જાતની જ કલમો વાવવા આપતાં. વંથલીમાં દેશી કેસરિયા નામે ઓળખાતા આંબાના ઝાડની કેરીનું નામ શાલેભાઈની આંબડી અને ત્યાર પછી કેસર નામ પડ્યું હતું.

## વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરા દ્વારા

# રૂા. ૧૨,૦૦૦ની કીંમતનો ખોવાયેલ મોબાઈલ ફોન ગણતરીની કલાકોમાં શોધી કઢાયો

જૂનાગઢ, તા.૨૬

તાજેતરમાં અશોકભાઈ છબીલભાઈ ગઢીયા જુનાગઢ ખાતે રહેતા હોય અને તેમનો રૂા. ૧૨,૦૦૦/- ની કીંમતનો **VIVO** કંપનીનો **T1X** મોબાઈલ ફોન બસ સ્ટેન્ડ પાસેના નહેરૂ પાર્ક ખાતેથી ખોવાયેલ, તે મોબાઈલ ફોનમાં તેમના અગત્યના દસ્તાવેજ તેમજ અન્ય વસ્તુઓ સેવ કરેલ હતી, જે મોબાઈલ ફોન ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય અને તેઓ વ્યથિત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ જીલ્લાના નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ.મશરૂને જાણ કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતું.




જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાંઆવેલ છે. જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. ચેતન સોલંકી, અંજનાબેન ચવાણ, જાનવીબેન પટોડીયા તથા એન્જીનીયર રેયાઝ અંસારી સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી જે સ્થળેથી મોબાઈલ ફોન ખોવાયેલ હતો તે સ્થળના વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસી ટીવી ફૂટેજ ચેક કરતા જણાયેલ કે ૧ વ્યક્તિને આ મોબાઈલ ફોન મળેલ છે, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા તે વ્યક્તિને શોધી પૂછ પરછ કરતા તેમણે જણાવેલ કે મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયેલ હોય અને તે મોબાઈલ ફોનનું ચાર્જર તેમની પાસે ના હોય જેથી ચાર્જ થઈ શકેલ નહી અને કોન્ટેકટ થઈ શકેલ નહી, આમ ગણતરીની કલાકોમાં અશોકભાઈ છબીલભાઈ ગઢીયાનો રૂા. ૧૨,૦૦૦/- ની કીંમતનો વીવા કંપનીનો **T1X** મોબાઈલ ફોન નેત્રમ શાખા દ્વારા શોધી આપેલ.

જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રૂ. ૧૨,૦૦૦ની કીંમતનો વીવો કંપનીનો **T1X** મોબાઈલ ફોન સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને અશોકભાઈએ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જાપાનની ઈરવિન એપલ મિયાઝાકી નામની કેરીના પ્રતિકિલોના ભાવ રૂા. ૨ લાખ સુધી

## કેસર કેરીના જન્મદિવસની ઉજવણીમાં કેરીની વિવિધ જાતોનું પ્રદર્શન

જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના બાગાયત વિભાગ દ્વારા કેસર કેરીના જન્મદિવસની ઉજવણીમાં કેરીના વિવિધ જાતોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેમાં જાપાનમાં ઉત્પાદિત થતી ઈરવિન એપલ મિયાઝાકી નામની કેરીએ આકર્ષણ જમાવી હતું. આ કેરીને સુમિત શમ્સુદ્દીન નામના યુવાન ખેડૂત જાપાનથી લાવ્યા હતા. સુમિતના જણાવ્યા મુજબ ઈરવિન એપલ મિયાઝાકી મેંગો કિલોના ભાવ રૂ. ૨ લાખ સુધીના છે. જે સાંભળી કોઈપણ નવાઈ પામે. પરંતુ આ ભાવ ૫ થી ૧૦ ટકા ઉત્પાદિત કેરીને મળે છે. આ કેરીના વેંચાણ માટે



વજન, કલર, મીઠાશ વગેરેના માપદંડો હોય છે. જે માપદંડોમાં આ કેરીના ફળ ફીટ બેસે તેની હરાજી કરવામાં આવે છે. તેમાં તેની આ કિંમત ચૂકવવામાં આવે છે. અન્ય ૯૦ ટકા કેરીની ગુણવત્તા આધારે વેચાણ થાય છે એટલે કે જેમ ગુણવત્તા ઘટતી જાય તેમ ભાવ પણ ઓછો મળે છે.

આ કેરીનું વિશિષ્ટ ન્યુટ્રીશન વેલ્યુ નથી. સુમિતે જણાવ્યું હતું. ઈરવિન એપલ મિયાઝાકી મેંગો મેંગો મોંઘી હોવા પાછળ તેનું ઉત્પાદન ખર્ચ છે. જાપાનમાં ગરમી પડતી નથી જેથી ગ્રીન હાઉસમાં કેરી પકવવામાં આવે છે. ગરમી માટે હિટ આપવામાં આવે છે જેથી લાખો રૂપિયાનું લાઈટ બિલ આવે છે. ઉપરાંત કેરીના એક ઝાડમાંથી મર્યાદિત જ ફળ લેવામાં આવે છે. આમ, ગુણવત્તા જાળવવા માટે ઝાડ ઉપરના નિશ્ચિત સંખ્યા કરતા વધુના ફળને દૂર કરી દેવામાં આવે છે. આ પ્રદર્શનમાં રજૂ કરાયેલ ઈરવિન એપલ મિયાઝાંકી નામની કેરીની કિંમત રૂા. ૫ હજાર હતી. જાપાનના પ્રવાસ દરમ્યાન સુમિતે કેરીની ઉત્પાદન પદ્ધતિ, બજાર વગેરેની જાણકારી મેળવી હતી. જેનાથી ખેડૂતો અને ઉપસ્થિત મહાનુભવોને અવગત કરાવ્યા હતાં.

# વેરાવળ સવજાણી કોલેજના વિદ્યાર્થીઓ બીબીએની પરીક્ષામાં ઝળહળતું પરિણામ લાવ્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

વેરાવળ એજયુકેશન સોસાયટી સંચાલીત કે.એમ.સવજાણી તથા કે.કે.સવજાણી કોલેજના વિદ્યાર્થીઓએ બી.બી.એ. સેમેસ્ટર-૬ માં ઉચ્ચ ગુણ મેળવી ઉર્તીણ થઈ કોલેજ સાથે પરીવારનું ગૌરવ વધારેલ છે.વેરાવળમાં આવેલ એજયુકેશન સોસાયટી સંચાલિત કે. એમ. સવજાણી તથા કે. કે. સવજાણી બી.બી.એ. બી.સી.એ. કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ દ્વારા માર્ચ-૨૦૨૩ની બી.બી.એ. સેમેસ્ટર-૬ પરીક્ષામાં પ્રથમ સ્થાને વ્યાસ કેયુર રસિકલાલ ૮૦.૩૮ (સીજીપીએ ૦૮.૬૬) બીજા સ્થાને વધાવી વંદના દિનેશભાઈ ૭૭.૭૫ (સીજીપીએ ૦૮.૪૦) ત્રીજા સ્થાને જબવાની કૃપા ગણપતભાઈ ૭૬.૨૫ (સીજીપીએ ૦૮.૪૦) તેમજ બી.સી.એ. સેમેસ્ટર-૬ પરીક્ષામાં પ્રથમ સ્થાને દુસારા જહાનવી શાંતીભાઈ ૮૬.૬૭ (સીજીપીએ ૦૯.૨૫) બીજા સ્થાને ચૌહાણ સેલજા નિલેશભાઈ ૮૫.૮૩ (સીજીપીએ ૦૯.૨૫) ત્રીજા સ્થાને કનસારા કિંજલ ભરતભાઈ ૮૭.૫૦ (સીજીપીએ ૦૯.૧૯) સાથે પાસ થતા પરિવારની સાથે કોલેજનું ગૌરવ વધારતા કોલેજ ટ્રસ્ટીઓ દ્વારા વિદ્યાર્થીઓને આવકારેલ હોવાનું આચાર્ય જીગરભાઈ રાવલે એક યાદીમાં જણાવેલ છે.

# આલીદર ગામની માધ્યમિક શાળાનું ધોરણ ૧૦નું ઝળહળતું પરિણામ



ગીર સોમનાથ, તા.૨૬

ગીર સોમનાથ જીલ્લાના આલીદર ગામની હાઈસ્કૂલનું માર્ચ ૨૦૨૩માં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ ૮૧.૮૬ ટકા જાહેર થતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. શાળાનાં કુલ ૧૮૨ માંથી ૧૪૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. શાળામાં ૯૮.૮૪ પી. આર. સાથે પ્રથમ સ્થાને મોરી આયુષીબેન અશ્વિનભાઈ, ૯૮.૧૬ પી.આર. સાથે દ્વિતીય સ્થાને મોરી અદિતિબેન પ્રતાપભાઈ અને ૯૮.૦૯ પી.આર.સાથે તૃતીય સ્થાને ઝાલા પ્રેક્ષાબેન રઘુભાઈ આવેલ હતા. સતત ત્રીજા વર્ષે શાળાનું પરિણામ ૮૦ ટકા ઉપર આવતા શાળાનાં આચાર્ય હરિભાઈ ડોડીયા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વેરાવળના કેટલાક વિસ્તારોમાં શેરી શ્વાનોને ઝેરી પદાર્થો ખવડાવી મારી નાખવાની ચાલતી ભેદી પ્રવૃત્તિ અટકાવવા જીવદયા પ્રેમીઓએ માંગ કરી

## જીવદયા પ્રેમીઓએ કલેક્ટરને લેખીત રજુઆત કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

વેરાવળના ચોક્કસ વિસ્તારોમાં છેલ્લા થોડા સમયથી શેરીના શ્વાનોને અજાણ્યા શખ્સો દ્વારા ભેદી રીતે ઝેરી ખોરાક જેવો પદાર્થ ખવડાવી મારી નાખવાની પ્રવૃત્તિ થઈ રહ્યાનું સામે આવતા જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તેલ છે. આ પ્રવૃત્તિ અટકાવવા કલેકટરને લેખીત રજુઆત કરી માંગણી કરી છે.

વેરાવળના જીવદયાપ્રેમીઓએ કરેલ રજુઆતમાં જણાવેલ કે, શહેરના જુના કુંભારવાડા, લોહાણા હોસ્પીટલ આસપાસના વિસ્તારોમાં છેલ્લા બેએક માસથી શેરીના શ્વાનો (કૂતરા)ઓને ઝેરી પદાર્થો ખવડાવી મારી નાખવાની પ્રવૃત્તિ અજાણ્યા લોકો દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં મોડીરાત્રીના બેએક વાગ્યા પછી શ્વાનોને ભેદી ખોરાક ખવડાવવામાં આવે જે ખાધા પછી થોડા સમય બાદ શ્વાનો તરફડીયા મારવા લાગે છે અને થોડા સમયમાં મૃત્યુ પામે છે. આ પ્રવૃત્તિ મોડીરાત્રીના બધા લોકો સુઈ ગયા બાદ થતી હોવાથી કોણ આવું કરે છે તે ખબર પડી રહી નથી. તો આ વિસ્તારોના શેરી શ્વાનો ક્યારેય કોઈ રાહદારીઓને હેરાન કરતા ન હોવા છતાં તેઓને અજાણ્યા લોકો ભેદી રીતે મારવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેનાથી જીવદયા પ્રેમીઓમાં ભારે રોષની લાગણી પ્રવર્તેલ છે. ત્યારે આ ગેરકાયદેસર રીતે અબોલ શ્વાનોને મારી નાખવાની ચાલતી ભેદી પ્રવૃત્તિ અટકાવવા પગલા ભરવા અંતમાં માંગ કરી છે.

## તંત્રી લેખ

# શું ભારતે પાકિસ્તાનની અસ્થિરતાથી ડરવાની જરૂર છે ??

ધ્પાકિસ્તાનમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ બાદ જે ઘટનાક્રમ ચાલી રહ્યો છે અને ત્યાંની સ્થિતિ જે ડામાડોળ થઈ છે એવામાં આપણે ત્યાંની 'અમન કી આશા' ટોળકી 'અસ્થિર પાકિસ્તાન ભારત માટે ખતરો'વાળો જૂનો રાગ આલાપવા લાગી છે. તેમના કહેવાનો મતલબ છે પાકિસ્તાન મજબૂત હોય તે જ ભારતના હિતમાં છે. આ ટોળકીની મુખ્ય દલીલ એ છે કે પાકિસ્તાનની સરકાર અને ત્યાંની આર્મી કમજોર થઈ તો નોનસ્ટેટ એક્ટર્સ, ચોખ્ખી ભાષામાં કહીએ તો આતંકવાદીઓને ભારત વિરૂધ્ધ મનસૂબાને અંજામ આપવાની ખુલ્લી છૂટ મળી જશે! જાણે પાકિસ્તાનની સરકાર અને ત્યાંની આર્મીને આતંકવાદ સાથે કોઈ લેવાદેવા જ ન હોય! આ ટોળકીનું એવું પણ માનવું છે કે પાકિસ્તાન અને ત્યાંની આર્મી આતંકવાદીઓ સાથે કડકાઈથી કામ લે છે!

'અમન કી આશા' ટોળકીની દલીલ છે કે પાકિસ્તાન પરમાણુ શક્તિ સંપન્ન દેશ છે, એટલે ખતરો મોટો છે. જો પરમાણુ હથિયાર આતંકીઓના હાથમાં આવી જાય તો એમના પર ભરોસો ન કરી શકાય. વિચારો, આ દલીલ જેના દિમાગમાં આવી રહી છે, તેની અંદર કાયરતા કેટલી હદે ભરેલી હશે? શું તેઓ એમ માને છે કે ભારતમાં કશો દમ નથી અને તે પાકિસ્તાનની સરકાર અને ત્યાંની આર્મીની દયા પર નિર્ભર છે? જો પાકિસ્તાનના પરમાણુ બોમ્બથી આપણે ડરવાનું જ હોય તો પછી આપણે આપણા પરમાણુ હથિયારો શું કામ બનાવ્યા? ૧૯૯૮માં અમેરિકાને ડિંગો બતાવી બીજી વખત પરમાણુ પરીક્ષણ કર્યુ અને બદલામાં પ્રતિબંધો સ્વીકારી લીધા. આ શું ફાલતુ કવાયત હતી? વિચારો, જે ભારત આજથી ૨૫ વર્ષ પહેલાં અમેરિકાથી ન ડર્યું, તેણે આજે ખસ્તાહાલ પાકિસ્તાનથી ડરવું જોઈએ! ધ્યાન રહે કે ૨૫ વર્ષ પહેલાં અમેરિકા આજથી વધારે મજબૂત હતું અને આજનું પાકિસ્તાન ચીંથરેહાલ થઈ ગયું છે. ભારત આ ૨૫ વર્ષમાં ક્યાંથી ક્યાં પહોંચી ગયું, એ કહેવાની જરૂર નથી. પરંતુ દલીલ એ કે ભારતે પાકિસ્તાનની અસ્થિરતાથી ડરવું જોઈએ!

પાકિસ્તાનની સરકાર અને આર્મીની મજબૂતીથી ત્યાંના આતંકી બેકાબૂ નથી થતા એવા કોઈ પુરાવા છે? શું પાકિસ્તાનની બોર્ડર એક્શન ટીમ (બેટ)માં આર્મી કમાંડોની સાથે સાથે આતંકીઓ પણ નથી હોતા? પીઓકેમાં આર્મીના સંરક્ષણમાં જ આતંકી કેમ્પો નથી ચાલતા? પાકિસ્તાનની સરકાર અને આર્મીના શરણ તળે હાફિઝ, દાઉદ જેવા આતંકીઓ ફૂલેફાલે છે. જો એવું જ હોય તો ભારતે એફએટીએફમાં પાકિસ્તાનની મદદ કરવી જોઈએ! એક પત્રકારે ભારતમાં ઈન્ટેલિજન્સ સૂત્રોનો હવાલો આપીને લખી કાઢ્યું કે કેવી રીતે પાકિસ્તાનમાં મચેલ બબાલથી ભારતના માથે ચિંતાની રેખાઓ ખેંચાઈ ગઈ છે. ભારતની સુરક્ષા એજન્સીઓના હાથ-પગ ફૂલી રહ્યા છે કે જો પાકિસ્તાનની સરકાર અને આર્મી કમજોર થઈ તો આતંકીઓને ભારત વિરૂધ્ધ ખુલ્લેઆમ હુમલા કરવાનો મોકો મળી જશે. પત્રકારે આ બધી વાતો 'સૂત્રોના હવાલા'થી લખી, કયાં સૂત્રો, કોને ખબર?! આવા લોકો એમ માનતા હશે કે અત્યાર સુધી પાકિસ્તાન તરફથી ભારતને ક્યારેય કોઈ પ્રકારની પરેશાની થઈ જ નથી!

માની લઈએ કે પાકિસ્તાન કમજોર થવાથી ત્યાંના આતંકી હાવી થઈ જશે તો? શું આપણે પાકિસ્તાનને પૂર્ણ યુધ્ધમાં વારંવાર હરાવી ચૂક્યા નથી? શું કારગિલની દુર્ગમ પહાડીઓ પર છૂપાઈને બેઠેલા હથિયાર સજ્જ પાકિસ્તાની સૈનિકો અને આતંકીઓને ખદેડી આપણી જમીન પાછી નથી લીધી? આ યુદ્ધોથી વધારે તો પાકિસ્તાન શું કરી શકશે? શું આતંકીઓ આપણને ભૂતકાળનાં યુદ્ધોથી વધુ નુકસાન પહોંચાડવાની સ્થિતિમાં હશે? અહીં દલીલ કરાય છે કે, સંભવ છે કે આતંકીઓ પરમાણુ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. પણ એવી પરમાણુ બોમ્બની ધમકીઓ તો ત્યાંના નેતાઓ પણ આપતા ફરે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

હસમુખ ચહેરો રોગી માટે એટલું જ સારૂં છે જેટલું કે અનુકૂળ ઋતુ...

- ફ્રેન્કલિન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૭ સપ્તમીની વૃધ્ધિ છે તા.૨૬ મે ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૫, આશ્લેષા નક્ષત્ર, ધ્રુવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૨૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), રાત્રે ૮:૫૦ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

-કનકચંદ્ર સી.વ્યાસ

મેષ : લાભની નવિન તક સાંપડે, વડીલવર્ગથી લાભ થાય.
વૃષભ : કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
મિથુન : માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક : સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસમાં લાભ થાય.
સિંહ : આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ.વાણીસંયમ જાળવવો.
કન્યા : અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
તુલા : નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે વાક્યયુધ્ધ થાય.
વૃશ્ચિક : અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. મનમાં અશાંતિ રહે.
ધન : પ્રવાસમાં હાનિ. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
મકર : જૂના શત્રુઓનું જોર વધે. સરળ કાર્યો કઠીન બની જાય.
કુંભ : મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય.
મીન : મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.


# ધોમ-ધખતા ઉનાળા વચ્ચે પણ સોમનાથ મંદિરમાં યાત્રીઓને મળે છે પરમ શીતળતાનો અનુભવ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કામ કરતું સોમનાથ ટ્રસ્ટ પર્યાવરણની માવજત કરવાની સાથે મંદિરમાં પ્રસરાવી રહ્યું છે ઠંડક : સોમનાથ ટ્રસ્ટની કંપ્રેસ એર કુલીંગ સિસ્ટમ દ્વારા બહારના તાપમાનથી ૬ થી ૭ ઠંડુ રહે છે મંદિરનું તાપમાન : વાતાવરણમાં દૂષિત વાયુ છોડનાર એસી નહિ પરંતુ વિજ્ઞાનના નિયમોના ઉત્તમ ઉપયોગથી કંપ્રેસ એર કુલીંગ સિસ્ટમ કરે છે ઠંડક : કાળઝાળ ગરમીમાં શીતળતા આપતા સોમનાથ મંદિરમાંથી બહાર નીકળવાની નથી થતી ઈચ્છા**









(મિનાક્ષી-ભાસ્કર વૈદ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

ઉનાળાનું વેકેશન ચાલી રહ્યું છે સાથે ધોમધગતો તડકો જાણે કે સૂર્ય આગ વરસાવી રહેલ છે. ત્યારે વેકેશનનો લાભ લેવા લોકો પર્યટનમાં તો નીકળે છે પરંતુ ગરમીને કારણે તેઓની મજા ફિકી થાય છે. પણ આ ઉનાળાના રણમાં શીતળતાની અમીવર્ષા થઈ રહી છે સોમનાથમાં... પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવનું મંદિર દેશ વિદેશના ભકતો માટે પરમ દર્શનીય સ્થાન છે. સોમનાથ આવનારા ભકતો જ્યારે મંદિરની અંદર પ્રવેશ કરે છે ત્યારે સોમનાથ મહાદેવની દિવ્ય શાંતિની સાથે સાથે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ એલ સર્ક્યુલેશન વ્યવસ્થાને કારણે અદ્વિતીય શીતળતા પણ પ્રાપ્ત કરે છે. સોમનાથ મંદિરના સ્થાપત્ય અને વિજ્ઞાનના દબાણના ભૌતિક નિયમોનો કુશળતા પૂર્વક ઉપયોગ કરીને શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કંપ્રેસ એર કુલીંગ સિસ્ટમ વડે સોમનાથ મંદિરનું ટેમ્પરેચર બહારના ટેમ્પરેચર કરતાં સાત ડિગ્રી જેટલું નીચું લાવવામાં સફળતા મળી છે. સાથે જ મંદિરના તમામ નિકાસ દ્વાર ઉપર એર કરટેન દ્વારા અંદરની હવા બહાર ન જાય અને શીતળ વાતાવરણ બન્યું રહે તે પણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. સોમનાથ ટ્રસ્ટ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દીર્ઘદ્રષ્ટિ સભર માર્ગદર્શનમાં LIfE એટલે કે લાઈફ સ્ટાઈલ ફોર ઈન્વાયરમેન્ટની દિશામાં કામ કરે છે. સોમનાથ મંદિર એન્વાયરમેન્ટલ ડિસ્ચાર્જ ઉપર ૦ ઉપર પહોંચ્યું છે. મંદિરની અંદર સામાન્ય એર કન્ડિશનર ઉપયોગ કરીને પણ ઠંડક મેળવી શકાય હોત, પરંતુ વાતાવરણની અંદર દૂષિત વાયુ છોડતા એર કન્ડિશનરનો ઉપયોગ ટાળીને સોમનાથ ટ્રસ્ટે યાત્રીઓને ઠંડક મળે પરંતુ પર્યાવરણનું રક્ષણ પણ થાય તે માટે ચિંતન કરીને કંપ્રેસ એર કુલીંગ સિસ્ટમ લગાવ્યું છે. જેનો લાભ આવનાર શ્રદ્ધાળુઓને મળી રહ્યો છે. દેશ વિદેશમાંથી આવનાર ભકતો બપોરની ગરમી વચ્ચે મંદિરની અદભુત શીતળતાનો અનુભવ કરી પ્રસન્નતા વ્યક્ત કરે છે અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે આવી અદભુત વ્યવસ્થા કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરેછે.

# ગંગા દશેરા પર્વે સોમનાથ તીર્થમાં ત્રિવેણી તટ ઉપર મહાપૂજા અને સંધ્યા આરતી કરવામાં આવશે

**૩૦ મેના રોજ ગંગા દશેરા ઉપર ધર્મ અનુરાગી ભકતો મહાઆરતીમાં જોડાઈને પુણ્ય અર્જિત કરી શકશે**







(મિનાક્ષી-ભાસ્કર વૈદ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

પૌરાણિક કથાઓ અનુસાર રાજા ભાગીરથ દ્વારા પોતાના પૂર્વજોની આત્મશાંતિ માટે ગંગા માતા અને શિવજીની ધરતી ઉપર કઠોર તપસ્યાની કરી હતી. ભગીરથના તપથી ગંગાજી અને શિવજી પ્રસન્ન થયા અને ગંગાજી બ્રહ્માજીના કમંડળથી નિકળી શિવજીની જટાઓમાં વિરાજમાન થયા અને ત્યારબાદ પૃથ્વી ઉપર ગંગા માતાનું અવતરણ થયું હતું. ગંગાની ધરતી ઉપર આવતા રાજા ભાગીરથના પૂર્વજોની આત્મા તૃપ્ત થઈ અને તેઓએ મોક્ષ પ્રાપ્ત કર્યો તેથી આ દિવસે ગંગા સ્નાનનું વિશેષ મહત્વ છે. આ પાવન દિને તીર્થ સ્નાનનું અનેરૂ મહત્વ રહેલું છે. ગંગા દશેરાના પવિત્ર દિવસે સોમનાથ ખાતે હિરણ, કપિલા, સરસ્વતી નદીના પવિત્ર ત્રિવેણીસંગમ ખાતે પૂજન અને આરતીનો કાર્યક્રમ પરંપરાગત દિવસે યોજવામાં આવે છે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ત્રિવેણી સંગમ ખાતે તા.૩૦-૫-૨૦૨૩, જેઠ શુક્લ દશમી અને મંગળવારે સાંજે ૬ કલાકે ત્રિવેણી પૂજન તથા સાંજે ૭ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવશે. આ પૂજન અને આરતીમાં બહોળી સંખ્યામાં ઉપસ્થીત થઈ પુણ્ય પ્રાપ્ત કરવા શ્રી સોમનાથ ટ્રસ્ટ પંથકની ધર્મ અનુરાગી પ્રજાને હાર્દિક નિમંત્રણ આપે છે. ઉલ્લેનીય છે કે આ મહાઆરતીમાં જોડાવા માટે ભાવિકોને આરતી અને દીવા સાથે લાવવાના રહેશે.

# પ્રેમાનંદ સ્કુલનાં વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

માર્ચ ૨૦૨૩ની ધો. ૧૦નાં બોર્ડની પરીક્ષાનાં ગઈકાલે પરીણામો જાહેર થયા તેમાં જૂનાગઢ ખાતે પૂ. શ્રી મુક્તાનંદજી બાપુ તથા ગિજુભાઈ ભરાડ દ્વારા સંચાલીત શ્રી પ્રેમાનંદ સ્કુલનાં વિદ્યાર્થીઓએ ખુબ સારૂ પરીણામ પ્રાપ્ત કર્યુ છે. જૂનાગઢ જીલ્લાનું ૬૨.૨૫ ટકા તથા ગુજરાત બોર્ડનું ૬૪.૬૨ ટકા પરીણામની સામે પ્રેમાનંદ સ્કુલ ગુજરાતી માધ્યમનું ૮૪ ટકા તથા અંગ્રેજી માધ્યમનું ૮૯ ટકા પરીણામ આવ્યું છે. એ-૧ ગ્રેડમાં બે વિદ્યાર્થીઓ હેત જોષી તથા મોનીત વાઢેર આવેલા છે.

આ ઉપરાંત એ-૨ ગ્રેડ ધરાવતા સ્કુલનાં કુલ ૨૦ વિદ્યાર્થીઓ છે. ૯૦ થી વધારે પીઆર મેળવનાર ૨૮ વિદ્યાર્થીઓ છે. આમ સ્કુલનું ખુબ જ ભવ્ય પરીણામ આવવા બદલ પૂ. શ્રી મુકતાનંદજી બાપુ, શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ તથા ડાયરેકટર ડો. માતંગ પુરોહીતે સર્વે વિદ્યાર્થીઓ-વાલીઓ તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રેમાનંદ સ્કુલમાં ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં ધો. ૧૧ સાયન્સ, કોમર્સ, આર્ટસમાં પ્રવેશ કાર્યવાહી શરૂ છે. બોર્ડનાં રીઝલ્ટનાં આધારે સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.

# કોલેજ ઓફ ફીશરીઝ સાયન્સ વેરાવળ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી પર સેમિનાર યોજાયો





(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

કોલેજ ઓફ ફીશરીઝ સાયન્સ, કામધેનુ યુનીવર્સિટી વેરાવળ અને આઈહબ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે કોલેજના વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન અભિગમનો વિકાસ થાય તે વિષે પ્રેરક માહિતી આપવાના હેતુથી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલીસી વિષય ઉપર તા.૨૨-૫-૨૦૨૩ના રોજ સેમિનાર યોજાયો હતો. જેમાં ૧૭૫ જેટલા વિદ્યાર્થીઓને ડો. જય જોશી અને તેમની ટીમ દ્વારા સ્ટાર્ટઅપ શરૂ કરવાની તેમજ સરકાર તરફથી મળતી સહાય વિષે સંપુર્ણ માહિતી આપી હતી. કોલેજના આચાર્ય ડો. એસ.આઈ. યુસુફઝાઈના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ સેલના વડા ડો. કેતન ટાંક અને ડો. વિરલ બજાણીયા દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ હતું.

# ઓમકાર પોઈન્ટ, હેમ કાર ફાયનાન્સ રાજકોટ તેમજ રાઠોડ પરીવારનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨૬

કારડીયા રાજપુત રાઠોડ પરીવારનું ગૌરવ વધારતા રોહન કિશોરભાઈ રાઠોડ (ઓમકાર પોઈન્ટ) તથા મિત્તલબેનનો સુપુત્ર તેમજ દાદા સ્વ. કિશોરભાઈ બી. રાઠોડ, દાદી મંજુલાબેન કે. રાઠોડનો પૌત્ર, ભાઈજી વિરલભાઈ રાઠોડ, ભાભુ રાજેશ્રીબેન રાઠોડ તથા નાનાજી રાજેન્દ્રસિંહ જે. વાળા, નાનીબા મંજુલાબેન આર. વાળા, મામા કૃણાલ આર. વાળા, મામી ઉર્મિ કે. વાળાનો ભાણેજ ચિ. માધવ હાલ ધો. ૧૦માં એસએસસી પરીક્ષામાં ૯૯.૪૬ પીઆ લઈ એ-૧ ગ્રેડ મેળવી આ તકે સમગ્ર રાઠોડ પરીવાર (કારડીયા રાજપુ) જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. અથાગ મહેનત વડે તેમણે સફળતા મેળવી હતી.

# ટૂંક સમયમાં મુંબઈમાં વિસ્ફોટ થશે : પોલીસને સોશિયલ મીડિયા ઉપર ધમકી મળી, આરોપી કસ્ટડીમાં

નવી દિલ્હી, તા.૨૬

મુંબઈ પોલીસે કહ્યું છે કે, તેમને એક અજાણ્યા વ્યક્તિ તરફથી ઓનલાઈન ધમકી મળી છે જેણે શહેરમાં ધડાકો કરવાનો દાવો કર્યો હતો.

આરોપીની ઓળખ કરી તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. પોલીસને મંગળવારની સવારે ૧૧ વાગ્યાની આસપાસ ધમકીભર્યો સંદેશ મળ્યો જે ટ્વિટર ઉપર પોસ્ટ કરવામાં આવ્યો હતો. જેમા લખ્યું હતું કે, "હું ટૂંક સમયમાં મુંબઈમાં ધડાકો કરવાનો છું." મેસેજ મળ્યા બાદ પોલીસે સંબંધિત વ્યકિતના એકાઉન્ટની તપાસ શરૂ કરી હતી. તેઓએ વ્યકિતની ઓળખ કરી અને પૂછપરછ માટે તેને કસ્ટડીમાં લીધો.

# જાણીતા યુવા પત્રકાર યજ્ઞેશભાઈ ભટ્ટનો જન્મ દિવસ : શુભેચ્છાઓનો વરસાદ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢનાં જાણીતા પત્રકાર યજ્ઞેશભાઈ ભટ્ટનો આજે જન્મ દિવસ હોય તેઓને શુભેચ્છકો, સ્નેહીજનો દ્વારા શુભકામનાં પાઠવવામાં આવી રહી છે.

જૂનાગઢ જીલ્લામાં સતત ૧૧ વર્ષથી એક જાગૃત અને નિષ્ઠાવાન પત્રકાર તરીકે કામગીરી દાખવેલ છે. આમ જનતાનાં પ્રશ્નો, ધાર્મિક કાર્યક્રમો લોકોને જાણકારી મળી શકે તેવા કાર્યક્રમો સહિત તમામ ક્ષેત્રનું રીપોર્ટીંગ કરવામાં કુશળ યજ્ઞેશભાઈએ સૌરાષ્ટ્રની આસપાસ અખબાર તેમજ દિવ્યાંગ ન્યુઝ ચેનલમાં યશસ્વી કામગીરીમા પણ સતત આગળ રહી અનેક કાર્યો કર્યા છે. મિલન સ્વભાવને કારણે મોટો ચાહક વર્ગ અને ચિત્રો મેળવી શકયા છે. સંતોએ પણ આર્શિવાદ આપ્યા છે. તેવા યજ્ઞેશભાઈ ભટ્ટનાં ૩૯માં જન્મ દિવસ પ્રસંગે તેમનાં મો.નં. ૯૬૮૭૩ ૩૮૪૮૪ ઉપર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# ગુજરાત બોર્ડમાં એસએસસીમાં ૪થું સ્થાન પ્રાપ્ત કરવા બદલ લુણાગરીયા પરીવારથી અભિનંદન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૬

લેઉવા પટેલ સમાજનું ગૌરવ વધારતી ડો. સુનિલભાઈ પરસોત્તમભાઈ લુણાગરીયા (સેન્ટ્રલ ઓર્થોકેર હોસ્પીટલ જૂનાગઢ) તથા સીમાબેનની પુત્રી તેમજ દાદા પરસોત્તમભાઈ, દાદી મંજુલાબેન અને કાકા તુષારભાઈ પરસોત્તમભાઈ લુણાગરીયા (તુલી ઓર્થોસીસ, ખોડલધામનાં ટ્રસ્ટી, રાજ બેંકનાં ડીરેકટર) તથા કાકી પિયુશાબેનની ભત્રીજી ચિ. દામન સુનિલભાઈ લુણાગરીયા હાલ ધો. ૧૦માં ૯૯.૯૬ પીઆર (સાયન્સમાં ૧૦૦/૧૦૦) સાથે ગુજરાત બોર્ડમાં ચોથુ સ્થાન પ્રાપ્ત કરી આ તકે તેણીએ સમગ્ર લુણાગરીયા પરીવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. અથાગ મહેનત વડે તેમણે સફળતા મેળવી હતી.

# બિલખામાં ફરજ બજાવતા પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમાનાં માતુશ્રીનું અવસાન

**આગામી તા. ૨૯નાં રોજ જેતપુર મુકામે પ્રાર્થનાસભા**



(પ્રતિનિધિ દ્વારા)

બિલખા તા. ૨૬

બિલખામાં ફરજ બજાવતાં હોનહાર પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમાનાં માતુશ્રી શાતુબા પરબતસિંહ ચુડાસમા (ઉ.વ. ૮૫)નું ગત તા. ૧૮નાં રોજ અવસાન થયેલ છે. તેમનાં મોટા પુત્ર નરેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમા, નાના પુત્ર પીએસઆઈ આર.પી. ચુડાસમા, પૌત્ર ધર્મરાજસિંહ નરેન્દ્રસિંહ ચુડાસમા, શકિતરાજસિંહ નરેન્દ્રસિંહ ચુડાસમા, પૌત્ર યશરાજસિંહ આર. ચુડાસમા વિગેરે પરીવાર દ્વારા આગામી તા. ૨૯-૫-૨૩ને સોમવારનાં રોજ જેતપુર મુકામે સુદામાનગર, સાર્વજનીક પ્લોટ ખાતે પ્રાર્થનાસભા તથા બેસણું સાંજે ૪ થી ૭ રાખવામાં આવેલ છે.

# સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રીને લગતી બાબતો અંગે પરામર્શ

ગાંધીનગર, તા.૨૬
સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી તથા પ્રોટોકોલને લગતી બાબતોના રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને સંસદસભ્યો તથા ધારાસભ્યોની સ્થાયી પરામર્શ સમિતિની બેઠક તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા સહકાર, પ્રોટોકોલ, છાપકામ અને લેખન સામગ્રી તથા મીઠાઉદ્યોગ અંગેપ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં સંબંધિત વિભાગની કામગીરીની વિસ્તૃત વિગતો રજૂ કરાઈ હતી, જેના અનુસંધાને દ્વિપક્ષીય હકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. મંત્રી વિશ્વકર્માએ આ પ્રસંગે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ગુજરાતની વિકાસયાત્રાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાત આગળ ધપાવી રહી છે. ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવવામાં સ્થાયી પરામર્શ સમિતિ જેવી બેઠકોનું યોગદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જનતા જનાર્દનના પ્રાણપ્રશ્નો ધારાસભ્યો રાજ્ય સરકાર સુધી પહોંચાડે છે અને તેના આધારે જ રાજ્ય સરકાર તેમના પ્રશ્નોનો યોગ્ય નિકાલ લાવી શકે છે. આથી આ બેઠકમાં સૂચનો કરવા બદલ મંત્રીએ તમામ ધારાસભ્યોનો આભાર માન્યો હતો. પરામર્શ સમિતિના સભ્ય સંસદ સભ્યધારાસભ્યો દ્વારા સંબંધિત વિભાગવાર જુદી-જુદી રજૂઆતો કરવામાં આવી હતી, જેમાં સહકારી મંડળીઓના અદ્યતન ડેટાબેઝ પોર્ટલ ઉપર રજિસ્ટર કરવા, સરકારી યોજનાઓના ફોર્મ નાગરિકોને સુલભ થાય તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવવા, સરકાર માન્ય નાણાં ધીરનાર દ્વારા ડિફોલ્ટના કિસ્સામાં દંડની રકમની મર્યાદા નક્કી કરવા, મીઠા ઉદ્યોગને પ્રોત્સાહન માટે પાકા રસ્તાઓનું રણ વિસ્તાર સુધી એક્સ્ટેન્શન કરવા, મીઠા ઉદ્યોગ અને ઘુડખર અભયારણ્ય વચ્ચે તાદાત્મય જળવાઈ રહે તે રીતે વન વિભાગ સાથે સંકલન કરવા સહિતના મુદ્દાઓ વિશે ચર્ચારજૂઆતો કરવામાં આવી હતી.

## ગુજરાતમાં ૬૦૦૦ પદો ઉપર ભરતી પ્રક્રિયા હાથ ધરાશે

# મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે

ગાંધીનગર, તા.૨૬
સ્પર્ધાત્મકપરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં ટૂંકસમયમાં ૫૦૦ કે ૧૦૦૦ નહીં પરંતુ ૬૦૦૦ પદો ઉપર બમ્પર ભરતી કરવામાં આવશે. હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ભરતીને લઈને ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે મહત્વની માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હેડ ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક ભરતી કરવામાં આવશે. હસમુખ પટેલે જણાવ્યું છે કે, મહેસૂલ વિભાગ અંતર્ગત ક્લાર્ક, હેડ ક્લાર્ક, જુનિયર ક્લાર્કની ખાલી જગ્યાઓ ભરાશે. આ માટે સપ્ટેમ્બર મહિનામાં પ્રિલિમનરી પરીક્ષા લેવાઈ શકે છે. સૌથી ખાસ વાત એ છે કે આ પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ મુજબ લેવાશે. તેમણે જણાવ્યું કે, ૧૮ મેએ રાજ્ય સરકારે પરીક્ષાને લઈ નવા નિયમો અમલી બનાવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ જે ક્લાસ ૩ માટે પરીક્ષા લે છે, એમાં ગ્રુપ બનાવવામાં આવ્યા છે ગ્રુપ છ અને ગ્રુપ B. આ પ્રમાણે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. ગ્રુપ છમાં ઓફિસ આસિસ્ટન્ટ, કલેક્ટર ઓફિસના ક્લાર્ક, હેડ ક્લાર્ક અને સિનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રુપ Bમાં ખાતાના વડાની કચેરીના જુનિયર ક્લાર્કનો સમાવેશ છે. સીધી ભરતીની પરીક્ષા ૨ તબક્કામાં લેવાશે. પ્રિલિમ પરીક્ષા બંને ગ્રુપ માટે કોમન જ હશે. MCQ આધારિત ૧૦૦ ગુણનું પેપર રહેશે. પ્રિલિમના પરિણામ બાદ એ અને બી ગ્રુપની મુખ્ય પરીક્ષા લેવાશે. મેઈન એક્ઝામ માટે ઉમેદવારને એ, બી અથવા બંને ગ્રુપની પસંદગી કરવાની તક આપવામાં આવશે અને ફરીથી ફોર્મ ભરાવવામાં આવશે. ગ્રુપ Bની મેઈન પરીક્ષા MCQ આધારિત હશે. આ પેપર ૨૦૦ માર્ક્સનું હશે તેને ૧૨૦ મિનિટમાં પૂર્ણ કરવાનું રહેશે. ગ્રુપ છ માટે વર્ણાત્મક ત્રણ પેપર આપવાના રહેશે. ગુજરાતીનું ૧૦૦ માર્ક્સ, અંગ્રેજી ૧૦૦ માર્ક અને જનરલ સ્ટડી ૧૫૦ માર્ક્સનું રહેશે. આ પસંદગી યાદી બન્યા બાદ ગ્રુપ છ અને B માટે ઉમેદવારનો નિમણૂક માટેના ભલામણ પત્રો આપવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે, આમાં વેઈટિંગ લિસ્ટ બનાવવામાં આવશે નહીં અને આ વખતે દરેક કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની છે. પરીક્ષામાં જે ઉમેદવાર હાજર રહેનારા ઉમેદવારોને પરીક્ષા ફી રિફન્ડ આપવામાં આવશે.

# WHO આગામી મહામારી માટે અત્યારથી રહો તૈયાર

નવી દિલ્હી, તા.૨૬
વર્લ્ડહેલ્થ ઓર્ગેનાઈઝેશનની ૭૬મી એસેમ્બલી સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં શરૂ થઈ ગઈ છે. તે જીવન બચાવવા, તમામ માટે આરોગ્ય સંબંધિત ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વર્ષે WHOની ૭૫મી વર્ષગાંઠ છે. ૧૦ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમ દરમ્યાન અનેક મહત્વના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં સંસ્થાના વડા ટેડ્રોસ અદનોમ ઘેબ્રેયસસે કહ્યું કે આગામી મહામારીની તૈયારી અત્યારથી જ શરૂ કરવી પડશે. જો તે અત્યારે નહીં થાય તો તે ફરી ક્યારેય નહીં થઈ શકે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દેશોના સુધારા, ભંડોળ વધારવા અને આગામી મહામારી માટે તૈયારી કરવા ઉપર દબાણ કરી રહ્યું છે. તાજેતરમાં જ WHO દ્વારા કોવિડ-૧૯ ઉપર જાહેર કરાયેલી કટોકટીની સ્થિતિનો અંત આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે તે હવે મહામારી નથી. ઘેબ્રેયસસે કહ્યું કે, 'જો આપણે જે ફેરફાર કરવાના છે તે નહીં કરીએ તો કોણ કરશે? જો અત્યારે કોઈ ફેરફાર નહીં થાય તો ક્યારે થશે?' તેમણે કહ્યું કે આગામી મહામારીને રોકવા માટે અગાઉથી વાતચીત કરવા અને તૈયારીને આગળ વધારવા માટે આ યોગ્ય સમય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસને લઈને દુનિયાને મોટી રાહત આપી છે. WHOએ કોવિડ વિશે મોટી જાહેરાત કરી અને કહ્યું કે કોવિડ હવે પબ્લિક ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી રહી નથી. આ અંગેનો નિર્ણય ઈમરજન્સી કમિટીની ૧૫મી બેઠકમાં લેવામાં આવ્યો હતો. WHOએ કહ્યું કે છેલ્લાં એક વર્ષમાં કોવિડના કેસોમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને પબ્લિક ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીમાંથી કોરોનાને દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંગઠને કહ્યું કે કોરોનાની એટલી મોટી અસર થઈ કે શાળાથી લઈને ઓફિસો બંધ રહી. આ સમય દરમ્યાન ઘણા લોકો તણાવ અને ચિંતામાંથી પસાર થયા હતા. તેણે વિશ્વની અર્થવ્યવસ્થા ઉપર પણ અસર કરી.

# રાજ્યની સ્કૂલોમાં ઉનાળું વેકેશન સપ્તાહ લંબાવવા સંચાલક મંડળની માંગ

અમદાવાદ, તા.૨૬
રાજ્યમાં જે રીતે ગરમીનો પારો વધી રહ્યો છે તેને જોતા સંચાલક મંડળ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખી ઉનાળુ વેકેશન એક સપ્તાહ લંબાવવામાં આવે તે માટે માંગણી કરી છે. ગરમી ઉપરાંત અન્ય શૈક્ષણિક બાબતોને લઈને પણ વેકેશન લંબાવવા માટે માંગણી કરાઈ છે. હાલમાં પાંચ જૂનથી સ્કૂલો શરૂ થવાની જાહેરાત કરાઈ છે, તેના બદલે ૧૨ જૂનથી સ્કૂલો શરૂ કરવા માંગણી કરાઈ છે. ઉપરાંત સ્કૂલો શરૂ થયા બાદ પણ થોડાક દિવસો સુધી સ્કૂલો સવાર પાળીમાં ચલાવવામાં આવે તો વિદ્યાર્થીઓને રાહત રહેશે તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે. રાજ્યમાં હાલમાં ઉનાળું વેકેશન ચાલી રહ્યું છે અને આગામી ૫ જૂન, ૨૦૨૩થી રાજ્યમાં કે.જી.થી લઈને ધો.૧૨ સુધીની સ્કૂલોમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે. જ્યારે રાજ્યની કોલેજોમાં ૧૫ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો છે. હાલમાં રાજ્યમાં ધોમધખતો તાપ પડી રહ્યો છે. બીજી બાજુ જ્ઞાન સેતુ નિવાસી સ્કૂલની પસંદગી યાદી જાહેર થવાની બાકી છે, તે જાહેર થયા બાદ ધો.૬મા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવનાર છે. જ્ઞાન સાધના સ્કોલરશીપ પ્રાપ્ત કરનારા ૨૫ હજાર વિદ્યાર્થીઓ માટે રાજ્યમાંથી શાળાઓ શોધીને તેની યાદી જાહેર કરવાની હજુ બાકી છે. ગ્રાન્ટેડ શાળાઓમાં ખાલી પડેલી અંદાજે ૧૯૦૦ આચાર્યની જગ્યાઓ ભરવાની હજુ પણ બાકી છે, જેમાં ૪૦ દિવસ જેટલો સમય થશે તેમ સંચાલક મંડળનું માનવું છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને ૫ જૂન, ૨૦૨૩ સોમવારના બદલે ૧૨ જૂન, ૨૦૨૩ સોમવારથી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરવામાં આવે તે માટે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરાઈ છે.

# PM મોદીની ડિગ્રી મામલે કેજરીવાલ અને સંજય સિંહને સાત જૂને હાજર રહેવા અમદાવાદની કોર્ટનું સમન્સ સંજય સિંહ આપના



અમદાવાદ, તા.૨૬
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદના કેસમાં અમદાવાદની કોર્ટે હવે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાંસદ સંજય સિંહને આગામી સાતમી જૂનના રોજ હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ અદાલતે આ મામલે કેજરીવાલને રૂ.૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો. અરજદારના વકીલે જણાવ્યું હતું કે, અગાઉ બંને નેતાઓને કોર્ટમાં હાજર રહેવા કહેવાયું હતું, તે અંગેની સુનાવણી પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સમન્સમાં વધુ સ્પષ્ટતા નહીં હોવાથી અદાલતે આદેશ કર્યો હતો કે, ફરિયાદની નકલો સાથે બંને નેતાઓને ફરીથી સમન્સ જારી કરવામાં આવે. આ મામલાની વધુ સુનાવણી હવે આગામી સાતમી જૂનના રોજ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ બાદ અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ સામે પણ ગુજરાતની અદાલતમાં કેસ ચાલી રહ્યો છે. આ અગાઉ પણ કેજરીવાલ અને સંજય સિંહને કોર્ટમાં હાજર રહેવા સમન્સ પાઠવવામાં આવ્યું હતું પણ તેઓ હાજર રહ્યા ન હતા, જેથી તેમને હવે સાતમી જૂને કોર્ટમાં હાજર રહેવા આદેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીનો મુદ્દે ગુજરાત યુનિવર્સિટી વિરૂધ્ધ કથિત કટાક્ષપૂર્ણ અનો બદનક્ષીભર્યા નિવેદનો બદલ અમદાવાદની એક અદાલતે ૧૫મી એપ્રિલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સાંસદ સંજય સિંહને સમન્સ જારી કર્યું હતું. અમદાવાદના એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ જયેશભાઈ ચોવટિયાની કોર્ટે તાજેતરમાં આપના આ બંને સિનિયર નેતાઓને સાતમી જૂને કોર્ટમાં હાજર રહેવા સમન્સ પાઠવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પીયૂષ પટેલે બંને નેતાઓ વિરૂધ્ધ કોર્ટમા બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. કોર્ટે આ કેસના શીર્ષકમાં કેજરીવાલના નામમાંથી મુખ્યમંત્રી શબ્દ દૂર કરવા પણ જણાવ્યું હતું. અદાલતે જણાવ્યું હતું કે, ડિગ્રી અંગે આપેલું નિવેદન વ્યક્તિગત છે માટે મુખ્યમંત્રી શબ્દનો ઉપયોગ કરવો નહીં. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે, બંને નેતાઓએ એક પત્રકાર પરિષદમાં અને ટ્વિટર એકાઉન્ટ ઉપર મોદીની ડિગ્રીને મુદ્દે યુનિવર્સિટીનો નિશાન બનાવતા અપમાનજનક ટિપ્પણી કરી હતી.

# કર્ણાટક વિધાનસભા ચૂંટણી : ભાજપના ૩૦ ઉમેદવારો અને કોંગ્રેસના ૧૨ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી

નવીદિલ્હી, તા.૨૬
કર્ણાટક વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માં ભારતીય જનતા પાર્ટીના ૩૦ થી વધુ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ ગઈ છે. કોંગ્રેસ પક્ષના ૧૨ ઉમેદવારોએ પણ તેમની ડિપોઝીટ ગુમાવી છે. ૨૦૧૮માં ભાજપ ૧૦૪ બેઠકો સાથે એકમાત્ર સૌથી મોટી પાર્ટી બની હતી, ભારતના ચૂંટણી પંચના રેકોર્ડ્સ અનુસાર ડિપોઝિટ ગુમાવનારા ૩૬ હતા. આ વર્ષે, આ ડેટા હજુ ECIની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યું નથી, પણ મીડિયા અહેવાલો સૂચવે છે કે આ વખતે પણ ભાજપના ૩૧ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી છે જ્યારે તે ૬૬ વિધાનસભા બેઠકો ઉપર જીતવામાં સફળ રહી છે. કોંગ્રેસ પાર્ટીનો ૨૦૧૮માં ૧૩ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી હતી અને ૨૦૧૮માં તેણે માત્ર ૭૮ બેઠકો જીતી હતી. ૧૩ મેના રોજ જાહેર થયેલા પરિણામમાં કોંગ્રેસ ૧૩૫ બેઠકો જીતવામાં સફળ રહી હતી જ્યારે તેના ૧૨ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી હતી. ભારતના ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, જો ઉમેદવાર ચૂંટાયો ન હોય અને તેને મળેલા માન્ય મતોની સંખ્યા ઉમેદવારને પરત મેળવવા માટે જરૂરી મતોની સંખ્યાના છઠ્ઠા ભાગથી વધુ ન હોય તો જામીનગીરી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે. અન્ય કિસ્સાઓમાં, ડિપોઝીટ ઉમેદવારને પરત કરવામાં આવશે. સિક્યોરિટી ડિપોઝિટ ECI દ્વારા પરત કરવામાં આવે છે. ECI વેબસાઈટ કહે છે કે આર.પી. (લોકપ્રતિનિધિત્વ) અધિનિયમ ૧૯૫૧ની ૩૪ (૧) (બી) મુજબ, વિધાનસભાની ચૂંટણી લડવા માટેના સામાન્ય ઉમેદવારે રૂ.૧૦૦૦૦ની સિક્યોરિટી ડિપોઝિટ કરવી પડશે. અનુસૂચિત જાતિ/ જનજાતિના ઉમેદવારે રૂ.૫૦૦૦ની સિક્યોરિટી ડિપોઝીટ કરવી પડશે. R.P. એક્ટ, ૧૯૫૧ની કલમ ૩૪ ૧ (a) મુજબ, લોકસભા ચૂંટણી માટે દરેક ઉમેદવારે રૂ.૨૫૦૦૦ની સિક્યોરિટી ડિપોઝિટ કરવી જરૂરી છે. R.P. એક્ટ, ૧૯૫૧ની સમાન કલમ ૩૪ એ જોગવાઈ કરે છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારે રૂ.૧૨૫૦૦ની સિક્યોરિટી ડિપોઝિટ કરવી જરૂરી છે. ૧૯૯૬ અને તે પહેલાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન સામાન્ય અને SC/ST ઉમેદવારો માટે સિક્યોરિટી ડિપોઝિટ રૂ.૨૫૦ અને રૂ.૧૨૫ હતી. ૧૯૯૬માં યોજાયેલી લોકસભા ચૂંટણી દરમ્યાન અને તે પહેલાં, સામાન્ય અને SC/ST ઉમેદવારો માટે સિક્યોરિટી ડિપોઝિટ રૂ.૫૦૦ અને રૂ.૨૫૦ હતી. સિક્યોરિટી ડિપોઝિટ વધારવાનો આ ફેરફાર ૧-૨- ૨૦૧૦થી ૨૦૦૯ના અધિનિયમ ૪૧ દ્વારા અમલમાં આવ્યો હતો. પરંતુ સિક્યોરિટી ડિપોઝિટ ગુમાવવામાં નાણાકીય નુકસાન કરતાં પક્ષ અને તેના ઉમેદવારો બંનેની પ્રતિષ્ઠાને અસર થાય છે. ઉદાહરણ તરીકે, આમ આદમી પાર્ટીએ કથિત રીતે તમામ ૨૦૦ બેઠકો ઉપર સુરક્ષા ડિપોઝિટ ગુમાવી દીધી હતી. આવો જ કિસ્સો AIMIMનો છે. જ્યાં ભાજપે પોતાની ડિપોઝીટ ગુમાવી છે તે સીટોમાં: અરકલગુડ, અર્સિકેરે, બાંગરાપેટ, ભદ્રાવતી, બિદર, ચલકેરે, ચન્નાગિરી, ચિંતામણિ, ગૌરીબિદાનૂર, ગુરમિતકલ, હાગરીબોમમાનહલ્લી, હોલેનરસીપુર, હુનસુર, કનકાપુરા, કોરાટાગેરે, મદ કૃષ્ણરાજનગરા, માલાદડી, માલાડી, કૃષ્ણરાજનગરા , મેલુકોટ, મુલબાગલ, નાગમંગલા, પાવાગડા, પિરિયાપટના, પુલકેશીનગર, રામનગરમ, શ્રવણબેલાગોલા, સિદલાઘટ્ટા, શ્રીનિવાસપુર અને ટી.નરસીપુર છે. મૈસુર જિલ્લાની કૃષ્ણરાજનગરા વિધાનસભા મતવિસ્તારનું પરિણામ ભાજપના ઉમેદવાર માટે સૌથી શરમજનક હતું. ભાજપના હોસહલ્લી વેંકટેશને કુલ ૧૮૮૪૧ મતમાંથી માત્ર ૧.૨૪ (૨૩૫૦) ટકા મત મળ્યા છે. તેઓ ૨૦૧૮ માં સ્વતંત્ર ઉમેદવાર હતા અને તેમને ૧% મત મળ્યા હતા. આ બેઠક ઉપર કોંગ્રેસના રવિશંકરનો ૧૦૪૫૦૨ મતોથી વિજય થયો હતો. ભાજપના તત્કાલીન ઉમેદવાર HG શ્વેતા ગોપાલાને કુલ મતોના માત્ર ૧.૫૫% મત મળ્યા હતા. કોંગ્રેસ માટે તેના ઉમેદવાર જી.એચ. સન્મુખપ્પાને કુલ ૧૮૨૩૮૯ મતોમાંથી તુમકુર ગ્રામીણમાં માત્ર ૨.૨૩% (૪૦૬૬) મતો જ મળ્યા હતા. દેવદુર્ગામાં શ્રીદેવીને કુલ ૧૭૫૪૦૬ મતોમાંથી ૨.૩% (૩૯૦૯) મત મળ્યા હતા.

# ૬૭,૦૦૦ કરોડની સંપત્તિ ધરાવતા પૂર્વ એપલ ઈન્ટર્નએ તેના કર્મચારીઓને BMW, એસ્ટન માર્ટિન ભેટમાં આપી

નવી દિલ્હી, તા.૨૬
એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકન કંપની સેલ્સફોર્સના CEO માર્ક બેનિઓફ તેમના ટોચના કર્મચારીઓને અસાધારણ વસ્તુઓ આપી રહ્યા છે. કંપનીના ફાઈલિંગ મુજબ, તેણે તેની ચીફ માર્કેટિંગ ઓફિસ સારાહ ફ્રેન્કલિનને એસ્ટન માર્ટિન લક્ઝરી કાર ભેટમાં આપી હતી. કંપનીના સલાહકાર બોર્ડના અધ્યક્ષ એલેક્સ ડેયોનને ભેટ તરીકે ઈલેક્ટ્રિક BMW મળી. કંપનીના સહસ્થાપક પાર્કર હેરિસને પણ ૨૦૧૭માં ૨,૭૧,૪૩૭ ડોલરની કિંમતની કાર મળી હતી. પૂર્વ CEO કીથ બ્લોકને ૨,૧૧,૭૦૩ ડોલરની કાર અને ૮૬,૪૨૩ ડોલરની ઘડિયાળ મળી હતી. ૨૦૧૫માં તેને ઘડિયાળ ૪૦,૫૬૪ ડોલરમાં મળી હતી. કંપનીએ કહ્યું હતું કે, તેને તેના પ્રદર્શનને ઓળખવા માટે આ મળ્યું છે. CEO ઘણીવાર એક્ઝિક્યુટિવ મીટિંગ્સ પછી તેમના વરિષ્ઠ કર્મચારીઓને ૧૦,૦૦૦ ડોલરની ઘડિયાળો ભેટમાં આપે છે. જો કે, કંપનીએ ગયા નાણાંકીય વર્ષમાં તેના કર્મચારીઓના બોનસમાં ૩૦ ટકાનો ઘટાડો કર્યો હતો. બેનિઓફે ૧૯૯૯માં કંપનીની સહ-સ્થાપના કરી હતી. તે પહેલા તેઓ ૧૩ વર્ષ સુધી ઓરેકલમાં કામ કરતા હતા. તેમની કંપનીએ ઓનલાઈન સોફ્ટવેરમાં પહેલ કરી. તેણે અમેરિકન યુનિવર્સિટીની બાળકોની હોસ્પિટલોને ૩૫૦ મિલિયન ડોલરનું દાન આપવાનું વચન આપ્યું છે. આ તેમનું પહેલું સાહસ નથી. જ્યારે તે માત્ર ૧૭ વર્ષનો હતો, ત્યારે તેણે અટાટી વીડિયો ગેમ્સ વિકસાવી અને તેને વેચી દીધી.

# ઓનલાઈન ગેમીંગ રમતી ભારતીય યુવતીઓને બળાત્કારની ધમકીઓ, દુર્વ્યવહારનો સામનો કરવો પડી રહ્યો છે

(એજન્સી) તા.૨૬
જ્યારે સોનાલી સિંહ નાની હતી, ત્યારે તે તેના ભાઈ સાથે તેની વીડિયો ગેમ્સ રમવા માટે લડાઈ કરતી હતી અને તેની માતા સોનાલીને વાર્તાનું પુસ્તક આપીને શાંત કરતી હતી. તે કહે છે કે, આ આપણી ભારતીય સંસ્કૃતિ છે. છોકરીઓ આવી રમતો રમતી નથી. આજે સોનાલી સિંઘ હવે એક મોટી યુએસ યુનિવર્સિટીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે દૂરસ્થ રીતે કામ કરે છે, રાત્રે વીડિયો ગેમ્સ રમીને તેના પગાર ઉપરાંત વધારાના ૫૦-૬૦% જેટલા નાણાં કમાય છે. ભારતમાં $1.5- બિલિયન-ડોલરનો ગેમિંગ ઉદ્યોગ ઝડપથી વિકસી રહ્યો છે અને વિડિયો ગેમ્સ દ્વારા કમાતી અને ડેટ કરતી મહિલાઓ અને છોકરીઓની પેઢી માટે ધીમે ધીમે આ બજાર આગળ વધી રહ્યું છે. પરંતુ આ મહિલા ખેલાડીઓ કહે છે કે જ્યારે તેઓ સાથી રમનારાઓ સાથે ઓનલાઈન વાત કરે છે ત્યારે તેમને દુર્વ્યવહારનો સામનો કરવો પડે છે, જેમાં બળાત્કારની ધમકીઓ એ મોટું જોખમ છે. લુમિકાઈના સ્થાપક જનરલ પાર્ટનર સેહગલે જણાવ્યું હતું કે, મહિલાઓ એવા ઉદ્યોગમાં પોતાના માટે જગ્યા બનાવી રહી છે જેમાં પરંપરાગત રીતે પુરૂષોનું વર્ચસ્વ છે. Lumikai દ્વારા બહાર પાડવામાં આવેલ તાજેતરના અહેવાલ મુજબ, ભારતના ૫૦૭ મિલિયન ગેમર્સમાંથી ૪૩% મહિલાઓ છે. ભારતની ૧.૪ બિલિયન વસ્તીમાંથી ૨૭.૩% ૧૫થી ૨૯ વર્ષની વયની મહિલાઓ છે, તેની ગેમિંગ વસ્તી દર વર્ષે ૧૨% વધી રહી છે. સ્માર્ટફોન અને ઈન્ટરનેટની એક્સેસ સાથે ભારતના લોકોમાં મોબાઈલ ગેમ્સ લોકપ્રિય બની રહી છે અને હવે ભારતીયો ગયા વર્ષે અન્ય કોઈપણ દેશના ખેલાડીઓ કરતાં વધુ મોબાઈલ ગેમ્સનો ઉપયોગ કર્યો હતો, અને સંયુક્ત રીતે ૧૫ બિલિયન ડાઉનલોડ સંખ્યા સામે આવી હતી. નિષ્ણાંતો કહે છે કે ખાસ કરીને સ્પર્ધાત્મક સ્પોર્ટ્સ વિશ્વમાં, સ્ત્રી રમતવીર માટે આ આવકની એક નવી તક છે. એસ્પોર્ટ્સ જેણે કોવિડ-૧૯ લોકડાઉન દરમ્યાન ભારે લોકપ્રિયતા મેળવી છે તે સ્પર્ધાત્મક ગેમિંગનો સંદર્ભ આપે છે, જ્યાં ખેલાડીઓ તાલીમ આપે છે, સ્પોન્સરશિપ ડીલ જીતે છે અને વૈશ્વિક ટુર્નામેન્ટમાં રમે છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અનુસાર, સ્પર્ધાત્મક એસ્પોર્ટ્સમાં મહિલા ખેલાડીઓની ટકાવારી ૨૦૨૦માં ૧૨%થી વધીને ૨૦૨૨માં ૨૨% થઈ ગઈ છે. મુખ્ય પ્રવાહની રમત તરીકે માન્યતા માટે દાયકાઓ સુધી ઝુંબેશ ચલાવ્યા પછી, ભારતનો ગેમિંગ ઉદ્યોગ ગયા વર્ષે પોકર જેવી અન્ય ઓનલાઈન રમતોથી અલગ થઈ ગયો હતો, જે જુગાર ઉપર કડક કાર્યવાહી કરતા કેટલાક રાજ્યોમાં પ્રતિબંધિત છે. સ્પર્ધાત્મક રીતે રમનારાઓ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ્સ અને આકર્ષક બ્રાન્ડ સ્પોન્સરશિપ દ્વારા ક્રિકેટ અને ટેનિસ રમવામાં આવે છે પરંતુ તેનો લાભ મોટાભાગે પુરૂષ ખેલાડીઓને મળ્યો છે. એસ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અનુસાર, મહિલાઓ ટુર્નામેન્ટમાં લગભગ $1,200 જીતી શકે છે, જ્યારે ઓપન ટુર્નામેન્ટ, જેમાં પુરૂષ ટીમોનું વર્ચસ્વ હોય છે તેમાં તેના કરતાં ૧૦૦ ગણા મોટા ઈનામોની ઓફર કરવામાં આવે છે. આ રોકડ ઉપરાંત જીતવા માટેના અન્ય ફાયદા પણ છે. ટેક ઉદ્યોગમાં તે મહિલાઓને ટેક-સંબંધિત ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં મદદ કરી શકે છે. સ્ત્રી નાયકને દર્શાવતી રમતો અંગે તેણીએ કહ્યું કે ગેમિંગ ઉદ્યોગ મહિલા ખેલાડીઓને સામેલ કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યો છે. ખુશવીન કૌર ૨૧ વર્ષની એસ્પોર્ટ્સ એથ્લેટ છે જે અગ્રણી પ્રો ટીમ ગોડલાઈક માટે રમે છે. તેણીએ ૬ વર્ષની ઉંમરે વિડીયો ગેમ્સ રમવાનું શરૂ કર્યું અને ૧૭ વર્ષની ઉંમરે પ્રો ગેમર બની હતી. જ્યારે કૌરે પ્રથમ વખત સ્પર્ધાત્મક રીતે રમવાનું શરૂ કર્યું, ત્યારે તેના સાથીદારોએ તેની નોંધ લીધી હતી અને તેમની પ્રશંસા અને મિત્રતાએ તેણીને હતાશાને દૂર કરવામાં મદદ કરી હતી. લોકોએ મહિલાઓને આગળ વધારવા, સુરક્ષિત જગ્યા આપવા માટે માત્ર છોકરીઓ માટે અથવા માત્ર મહિલાઓ માટે ટુર્નામેન્ટનું આયોજન કરવાનું શરૂ કર્યું છે. તે કહે છે કે, ત્રણ વર્ષ પહેલાં, છોકરીઓને ક્યારેય કોઈ તક મળી ન હતી. પણ હું તેમાંથી પૂરતી કમાણી કરૂં છું. પરંતુ ભારતની મહિલાઓ માટે આ ગેમિંગ માટે અમુક ભોગ આપવો પડે છે. જ્યારે સોનાલી સિંઘ "હેલો" કહેવા માટે તેનો માઈક્રોફોન ચાલુ કરે છે, ત્યારે તેણીની સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. બળાત્કારની ધમકીઓ આપવામાં આવે છે અને તે કહે છેર કે, પુરૂષો જે પ્રકારની વાતો કહે છે તે ભયાનક હોય છે. સ્થાનિક વર્તુળો દ્વારા ૨૦૨૩ના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૧૦માંથી આઠ શહેરી ભારતીય મહિલાઓ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે અને તેમાંથી ૮૬% એ ટ્રોલ, સતામણી, દુર્વ્યવહાર અથવા સાયબર ક્રાઈમનો ભોગ બનવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. એસ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર લોકેશ સુજીએ સ્વીકાર્યું કે આ મુદ્દે હજુ કામ કરવાનું બાકી છે. તેમણે કહ્યું કે આ ઉદ્યોગ દુરૂપયોગને રોકવાનો પ્રયાસ કરે છે અને તે મહિલાઓને ગેમિંગમાં ટોચના પુરૂષોની જેમ સમૃદ્ધ બનતા જોવા માંગે છે. પરંતુ, આખરે તે અમારી સંસ્કૃતિ છે કે અમે ખરેખર છોકરીઓને ગેમ રમવા માટે પ્રોત્સાહિત કરતા નથી.

